International Journal of Advance and Applied Research (IJAAR)
Peer Reviewed Bi-Monthly

ISSN – 2347-7075
Impact Factor – 7.328
Vol.9 No.2 Nov – Dec 2021

# ઘર-ગામ સાથેનો અતૂટ સંબંધ નિરૂપણની વાર્તા એટલે 'માટીવટો'

**ડૉ. રાજેન્દ્ર કે. મકવાણા**
**એસોસિયેટ પ્રોફેસર**
**એસ. આર. ભાભોર આટર્સ કોલેજ, સીંગવડ**

ગામડાના પોતાના નિજી પ્રશ્નો અને શહેરીકરણની અસરને કારણે પહેલાંનું અસ્સલ ગામડું હવે જોવા મળતું નથી. શહેરમાં આવી વસેલાને ગામડાનું આકર્ષણ થાય અને તેના સાનિધ્યમાં જવાનું થાય તે સમજી શકાય તેવી વાત છે. પરંતુ ગામડામાં જ રહેતાં ગઈ પેઢીનાં વુદ્ધોને પોતાના જૂના ઘરને છોડીને થોડે દૂર વસવાનું પણ વસમું લાગે છે. જે ઘર સાથે જીવનનાં મોટાભાગનાં વર્ષો વીતાવ્યાં હોય તેને છોડવાનું આવે છે. ત્યારે જીવ કપાય છે. નવી પેઢીને તો સુખસગવડો જોઈએ છે જે નવી જગ્યાએ મળી જાય તો જૂની જગ્યાએ રહેવા રાજી નથી. આવા સમયે પેલા જૂના ઘરને વળગી રહેતાં વૃદ્ધો તેમને અપ્રિય તથા જૂનવાણી લાગે છે. પરંતુ જગ્યા ને ઘર સાથેનોનાતો કેવો ગાઢ હોય છે તે 'માટીવટો'ની સીતામાના પાત્રમાં જોવા મળે છે. પોતાના હાથે બનાવેલા ઘરને મહીસાગરના પૂરથી બચવા પાડીને નવી જગ્યાએ સંતાનો સામાન લઈ જાય છે ત્યારે સીતામાનો તેની સામે પ્રગટતો વિરોધ ભાવવાહી સૂરે ગૂંથાવા પામ્યો છે. વાર્તામાં અસ્સલ ગામડાંના રંગ જોવા મળે છે. જૂના ગ્રામીણ લોકોની સ્થળ પ્રત્યેની મમતા સર્જકના એવા જ ગદ્યથી ઉજાગર થવા પામી છે.

વાર્તાની શરૂઆત વીરુ ચૈત્રના ચકચકતા તડકામાં વર્ષો પછી વતનગામ આવવા નીકળ્યો છે ત્યાંથી થાય છે. ભાઈનો કાગળ હતો કે જૂનું ઘર ઉતારી તેનાં બારીબારણાં, મોભ વગેરે વસ્તુઓ નવા ઘરમાં બેસાડવાની છે. આમાં ઘરડાં સીતામાનો જીવ કપાય છે એટલે એમને સમજાવવા માટે વાર્તાનાયક વીરુને બોલાવવામાં આવ્યો છે. વીરુ શહેરમાં રહેવા ગયો ત્યારે પણ એણે સીતામાને પોતાની સાથે આવવા કહ્યું હતું ત્યારે સીતામાનો પ્રત્યુત્તર હતો; "ના, ભા! અવે ઘઈડે ઘડપણ મારે ચ્યાંય નથી જવું. મારે તો આ જ મારાં અડસઠ તીરથ ને આ આંગણું જ મારું હરગ... આ ઘર તો મારું ખોળિયું સે બેટા! ખોળિયું મેલીને મારી બતી નઈ અવાય..."(પૃ.૪૮, મણિલાલ હ.પટેલની વાર્તાસૃષ્ટિ) અહીં સીતામાનો તેમના હાથે બનાવેલા ને જે ઘરમાં તેમના હાથે ચાર-ચાર પેઢી ઉછરી છે તેના પ્રત્યેનો લગાવ જોઈ શકાય છે.

વાર્તાનાયક વીરુને પણ પોતાનું બાળપણ અને એ સમયનું ઘર યાદ આવે છે તેમાં ગ્રામચેતના સ્પષ્ટ વર્તાય છે; "રાતી ગારથી લીપેલી ભીંતોવાળું ઘર. ભોંયતળિયે મોટી મોટી ઓકળિયો. માના હાથનું હેત એમાંથી જાણે પગને અડકે ને અંદર પેસે, કાળજે જઈ બેસે. મોટી ચોપાડ, મક્તાવાળું ત્રીજું ભેંત્યુ, લાંબી પડસાળ આગળ પાછળ બબ્બે, બસોડાંની ઓરડીઓ, નિશાળ વાડો, ઢોરભર્યું આંગણું, સામે ત્રિભેટે કૂવો. ઘરને કરેથી નીકળે ધોરી વાટ. ગામના નાક જેવું, પેસતાં જ પાધરું ઘર. ઘર મોભાદાર. રસ્તાને માથે, ને ચાની તાવડી ને હુક્કોબીડી કાયમ

તપતાં ને તાજાં. ગામમાં ધોરી કુટુંબ. માની ધાક ભારે. કોઈ વહુવારુ આડુંઅવળું ચાલતાં બોલતાં ફફડે.''(પૃ.૪૮, મણિલાલ હ.પટેલની વાર્તાસૃષ્ટિ) અહીં આલેખાયેલું ઘર ને સતીમાનું ચરિત્ર લેખકની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિને કારણે સ્પૃહણીય બની રહે છે.

વાર્તાનાયક છેલ્લે અમરીમાના મરણટાણે આવેલા. અમરીમાના ત્રણ-ત્રણ દીકરા શહેરમાં બંગલા ગાડીઓમાં મ્હાલતા હોવા છતાં તેમણે પોતાનું ઘર નહોતું છોડ્યું. એટલું જ નહીં ગામનું ઘર પડી જાય તો પણ વેચવાનું નહીં એવું પુત્રો પાસે પણ લેવડાવ્યું હતું. સતીમાના ઘર પ્રત્યેના લગાવની મુખ્ય ઘટનાને અમરીમાનો આ પ્રસંગ સવિશેષ ચોટ ઉપસાવવામાં ખપે લાગે છે. સાંજના શટલમાં બેસી ગામ તરફ જતા વીરુને જૂના પ્રસંગો યાદ આવે છે એ રીતે વાર્તા આગળ વધે છે. ચોમાસામાં એકવાર મહીસાગરનાં પાણી તેમના ઘરોમાં ઘૂસી જાય છે આથી ડરી ગયેલું લોક ત્યાંથી માઈલેક છેટે કોથળિયા ડુંગરની તળેટીમાં 'નવાં-ઘરાં'માં રહેવા જતું રહે છે. વીરુના ભાઈઓ પણ ત્યાં જઈ રહ્યા છે ત્યારે સીતામા જૂનું ઘર ન છોડવાની હટ લઈને બેઠાં છે તેમને વીરુ સમજાવે છે છતાં વીરુને પણ એટલું જ દુઃખ છે. બદલાતા ગામડાનું સુંદર ચિત્ર વીરુના આ સંવાદમાંથી ઊભું થાય છે.

''મા, ક્યાં છે ગામ ? કશું જ બચ્યું નથી. કાળ તાણી ગયો બધું. મા મહીસાગર જોતી રહી. એ ય સૂકાઈ ને સંકોડાઈ ગઈ છે. મા, જિદ્દ મૂકી દે... જે થાય તે જોયા કર મા, જે હાથમાં નથી એ સાથમાં ક્યાંથી ? જીવ બાળીને રાખ ના કર.''(પૃ.પ૨, મણિલાલ હ.પટેલની વાર્તાસૃષ્ટિ) ઘરના મોભ ઊતરી ગયા છે મજૂરો જૂનાં બારણાં કાઢવા આવ્યા છે તેમને સીતામા રોકે છે ને બીજે દિવસે આવવાનું કહે છે. ઘરમાં મા વીરુને બધી જગ્યાઓ બતાવી તેમનો વીતેલો સંસાર ચાક્ષુસ કરે છે. આ બધું વર્ણવતાં તેમના ગળે ડૂમો બાઝે છે ને ખાટલીમાં ઢળી પડે છે. ગામ આખું ડોશીના મોત પર મોંમાં આંગળા નાખી ગયું. કારણ કે ઘર છોડવાને બદલે માએ પોતાનો દેહ છોડવાનું વધારે વહાલું ગણ્યું. ઘર સાથે બંધાયેલી માયાનું અત્યંત હૃદયસ્પર્શી ચિત્ર વાર્તાંતે લેખકે ખડું કર્યું છે. વાર્તાનો બીજો અંત પણ લેખકે દર્શાવ્યો છે તેમાં થોડું સંકેતાત્મક રીતે માનું મૃત્યુગમન દર્શાવાયું છે. સાથે સાથે જૂના ઘર તરફનો વીરુનો લગાવ પણ પ્રગટ થાય છે. આમ, આખી વાર્તામાં ગામમાં રહેલા એક ગાર-માટીના સાદા ઘર પ્રત્યેનો માનવીય લગાવ ઉત્કટપણે નિરૂપાયો છે જે આસ્વાદ્ય બન્યો છે.

સંદર્ભઃ


1. અનુઆધુનિકતાવાદ, સં. ભોળાભાઈ પટેલ, આવૃત્તિ વર્ષ : ૧૯૯૩
2. કથોપકથન, લે. સુરેશ જોષી, આવૃત્તિ વર્ષ : ૧૯૬૯
3. ટૂંકી વાર્તા અને ગુજરાતી ટૂંકી વાર્તા, સં. જયંત કોઠારી, આવૃત્તિ વર્ષઃ ૧૯૭૭